# વિશ્વ ગુજરાતી સમાજ

૧૦૨, ૧લા માળે, મણિપ્રભુ એપાર્ટમેન્ટ, નવરંગ સ્કૂલ છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૪, ગુજરાત, ભારત.
ફોન / ફેક્સ :- ૯૧-૭૯-૨૬૪૬૮૩૪૨, ૨૬૪૪૦૦૨૮, ઈ-મેઈલ: infovgsa@gmail.com | www.vishwagujaratisamaj.net

**કૃષ્ણકાંત વખારીઆ**
પ્રમુખ

**શ્રી વિજય રૂપાણી,** મુખ્ય સંવર્ધક
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

**હેમરાજ શાહ**
વરિષ્ઠ ઉપપ્રમુખ


તા. ૨૪-૧-૨૦૧૯

પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી

વિશ્વ ગુજરાતી સમાજની મહાસમિતિ અને સ્થાયીસમિતિની તા.૧૬-૧૨-૨૦૧૮ના રોજ મળેલી સંયુક્ત મિટીંગમાં વિશ્વ ગુજરાતી સમાજ ગૌરવ એવોર્ડ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તે અંગેના માપદંડો નીચે મુજબ છે.

૧) વિશ્વભરના ગુજરાતી સમાજો પૈકી જે ગુજરાતી સમાજે કે સંગઠને અતિશ્રેષ્ઠ કામગીરી કરી હોય તે ગુજરાતી સમાજ કે સંગઠન.

૨) આ કામગીરી અંગે નિર્ણય કરવા માટે જે તે ગુજરાતી સમાજો કે સંગઠનના છેલ્લાં ત્રણ વર્ષના એહેવાલો, ઓડિટેડ એકાઉન્ટન્ટ અને પ્રવૃત્તિઓને લક્ષમાં લેવામાં આવશે.

આ અંગે બે તટસ્થ મહાનુભાવો તેમજ સમાજના પ્રતિનિધિ એમ ત્રણ સભ્યોની પસંદગી સમિતિ બનાવવામાં આવેલ છે.

આ અંગે વિશ્વભરના ગુજરાતી સમાજો અને સંગઠનોને નીચે મુજબના ત્રણ એવોર્ડો આપવાનો નિર્ણય કરેલ છે. જે પૈકી

| | |
|---|---|
| **સર્વ શ્રેષ્ઠ ગુજરાતી સમાજ/ સંગઠન** | **રૂા. ૫૧,૦૦૦/- (અંકે રૂપિયા એકાવનહજાર પુરા)** |
| **શ્રેષ્ઠ ગુજરાતી સમાજ/ સંગઠન** | **રૂા. ૨૧,૦૦૦/- (અંકે રૂપિયા એકવીસહજાર પુરા)** |
| **ઉત્તમ ગુજરાતી સમાજ / કે સંગઠન** | **રૂા. ૧૧,૦૦૦/- (અંકે રૂપિયા અગ્યારહજાર પુરા)ની** |

ધનરાશી આપવામાં આવશે.

દરેક એવોર્ડ વિજેતાને ધનરાશી ઉપરાંત શાલ, મોમેન્ટો અને પ્રશસ્તિપત્ર (સાયટેશન)થી સન્માનવામાં આવશે. આ અંગે સન્માન સમારંભ વિશ્વ ગુજરાતી સમાજની પ્રણાલીકા મુજબ ભવ્ય રીતે આયોજિત કરવામાં આવશે. જેમાં વિશેષ અતિથિ તરીકે ગુજરાત રાજ્યમાં મહત્વનો હોદ્દો ધરાવનાર અથવા ભારતની કે વિશ્વમાં તેજસ્વી તારલા તરીકે જેમની ખ્યાતિ પ્રાપ્ત થઈ હોય તેવા કોઈ મહાનુભાવના હસ્તકે એનાયત થશે.

પસંદગી માટે વિશ્વભરના ગુજરાતી સમાજો અને સંગઠનોને પરિપત્રથી અમે આમંત્રણ પાઠવીએ છીએ અને આ તમામ સમાજો અને અને સંગઠનોને સને ૨૦૧૮માં જે કામગીરી કરી હોય તેમજ ત્રણ વર્ષના અહેવાલો, ઓડિટેડ એકાઉન્ટ અને પ્રવૃત્તિ અગેના અહેવાલો તેમજ ફોટાઓ તા.૨૦-૨-૨૦૧૯ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

( કૃષ્ણકાંત વખારીઆ )
**પ્રમુખ**
**વિશ્વ ગુજરાતી સમાજ**